# પોપટ અને દેવ



એક વખત મોટો દુકાળ પડયો. નદી-સરોવર સુકાઈ ગયાં. ઝાડપાન સુકાઈ ગયાં. ઢોરઢાંખર મરવા મંડયાં. સૌ કોઈ લીલી જગ્યા શોધવા દોડી ગયાં.

આ બધાંમાં એક પોપટ હતો. આંબાના ઝાડ પર એ રહે. એ ઝાડ સુકાઈ ગયું હતું. એના સૂકા ઠૂંઠા પર પોપટ બેઠો હતો. વહાલું ઝાડ છોડીને બીજે જવાય પણ કેમ ?

આકાશમાં થઈને એક દેવ જતા હતા. એમણે પોપટને જોયો. દેવ કહે, "અરે પોપટ ! તું અહીં બેસીને શું કરે ? ઊડીને બીજા દેશમાં જાને ! ત્યાં તને ખાવા મીઠાં ફળ મળશે, પીવા મીઠું પાણી મળશે. અહીં તો દુકાળ છે. આ આંબો તો ઠૂંઠું બની ગયો છે."

પોપટ કહે, "મારાથી આ આંબાને કેમ કરીને તજી દેવાય ? મારા જનમથી માંડીને હું આ ઝાડ પર રહું છું. આ ઝાડનાં મીઠાં ફળ મેં ખાધાં છે. આ ઝાડ એ જ મારું ઘર છે. મારાં માબાપ પણ આ ઝાડ પર જ રહેતાં હતાં. હમણાં એ સુકાઈ ગયું છે એ ખરું, પણ આ ઝાડ એ જ મારું વતન. વહાલા વતનને મારાથી છોડાય નહિ."

પોપટની વાત સાંભળી દેવ રાજી થયા. એ વરસાદના દેવ હતા. તરત એમણે વરસાદ મોકલ્યો. નદીનાળાં ઊભરાઈ ગયાં. ધરતી ભીની થઈ. ઘાસ ઊગ્યું. પેલું સૂકું ઠૂંઠું પણ લીલું થઈ ગયું ને પોપટ તો આ જોઈ રાજી રાજી થઈ ગયો.

લેખક: સ્વ. શંભુપ્રસાદ ભટ્ટ